જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૧/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૮ કેસ કરી, ૧૩૪ વ્યક્તિઓને ઝડપી, ૬૬૧ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૬૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૮૦/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ કાંકરીયા ખાતે રહેતા અને એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતા વૃધ્ધ એ તા.૨૮/૧૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતા વૃધ્ધ એ HDFC Life Insurance company limited પોલીસી લીધેલ અને કોઈ કારણસર પોલીસીના પ્રિમીયમ ભરવાનું બંધ કરેલ હતું. સને ૨૦૨૧ માહે ઓગસ્ટમાં મોબાઈલ નંબર ૯૫૮૨૮૫૧૩૯૨ ના ધારકે એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતા વૃધ્ધના મોબાઈલ નંબર ઉપર ફોન કરી આઈ.જી.એમ.એસ.એજન્ટ વાત કરતા હોવાની ઓળખ આપી HDFC Life Insurance company limited પોલીસી બંધ બતાવે છે તેમ કહેતા એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતા વૃધ્ધ એ જણાવેલ કે પોલીસીમાં કોઈ ફાયદા જેવું લાગતું ના હોય પ્રિમીયમ ભરવાનું બંધ કરેલાનું જણાવતા તેઓએ પોલીસીનો ક્લૈમ કરવા જણાવી પોલીસી નંબર તેમજ અન્ય વિગત મેળવી લઈ તેઓએ જણાવેલ કે પોલીસીનો ક્લૈમ કરવા માટે ઉપરી અધીકારી સાથે વાત કરો તેમ કહી ક્લૈમ કરવા અન્ય મોબાઈલ નંબર ૭૮૩૫૯૨૬૯૯૧, ૯૫૪૦૯૬૬૩૪૬, ૯૯૫૩૫૩૫૯૫૫, ૮૫૨૭૦૭૭૪૦૨ અને ૮૫૦૬૦૪૯૯૨૭ ના ધારકોએ ફોન કરી ક્લૈમ કરવા પ્રોસેસ માટે એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતા વૃધ્ધ નાઓને HDFC Life Insurance company limited પોલીસીમાં ભરેલ રકમ સાથે નફો મળશે તેવી લોભામણી લાલચ આપી ઓનલાઇન ઈન્ટરનેટના માધ્યમથી રૂપિયા ૬,૦૮,૮૫૨/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ આજદીન સુધી નાણાં પરત નહીં આપી છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૮૧/૨૦૨૫**

સરખેજઃ ધીરજભાઈ રામરજન દીક્ષીત (રહે. આકાશ રેસીડેન્સી ક્લબ ઓ–૭ રોડ શેલા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક ૦૪/૩૦ થી કલાક ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ સાણંદ શાંતીપુરા હાઈ–વે સ્વાતિ પ્રિમીયર નામની નવી બનતી કન્ટ્રક્શનની સાઈટના બીલ્ડીંગમાં સ્ટોરરૂમનું તાળું તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સ્ટોરરૂમમાંથી પ્લમ્બીંગ મટીરીયલ્સ (પીતળના વાલ) નંગ–૨૨૯ કિમત રૂપિયા ૬,૧૮,૨૮૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એચ.શર્મા ચલાવે છે.

નિકોલઃ કીરીટભાઇ રામજીભાઇ કથરીયા (રહે. કેશર હાર્મોની સુપેરીયા–૦૨ હોટલ પાછળ એસ.પી.રીંગ રોડ નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૫ રાતના ૦૧/૦૦ થી સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ પાવર સ્ટેશન સામે અષ્ટમંગલ ઓર્ચીટ કોમ્પલેક્ષમાં દુકાન નંબર–૧૧ કેશર પાન પાર્લર નામની દુકાનનું તાળું તોડી અજાણી વ્યકિત દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી